# ‘માયભારત’ અહેવાલ

રાષ્ટ્રીય વંદેમાતરમ્ કેમ્પ’માં ગુજરાતનું ગૌરવ વધ્યું

ભારત સરકારના રમતગમત અને યુવા મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ‘માયભારત’ દ્વારા તારીખ 24 જૂનથી 30 જૂન, 2026 દરમિયાન પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે આયોજિત ‘રાષ્ટ્રીય વંદેમાતરમ્ કેમ્પ’માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિદ્યાર્થિની કુમારી રાજવી વિજયકુમાર કડિયાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ પ્રદર્શન નોંધાવ્યું હતું.

શિબિરમાં તેમણે નેતૃત્વવિકાસ, રાષ્ટ્રનિર્માણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સમૂહઘડતર, પ્રેરણાત્મક કાર્યશાળા, સમૂહપ્રસ્તુતિ, તત્કાળ વાદવિવાદ સ્પર્ધા, ઉદ્યોગસાહસિકતા સ્પર્ધા અને પાકકળા સ્પર્ધા સહિતની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વ-પ્રતિભાનાં દર્શન કરાવ્યાં. તેમના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ માયભારત (પશ્ચિમ બંગાળ), બ્રેઈનવેર યુનિવર્સિટી તથા રમતગમત અને યુવા મંત્રાલયના પ્રતિનિધિઓ દ્વારા તેમને વિશેષ સન્માન અને પ્રશંસાચિહ્ન એનાયત કરવામાં આવ્યાં.

આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે રાજવી કડિયાને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, ‘રાષ્ટ્રીય સ્તરે યુનિવર્સિટી અને ગુજરાતનું ગૌરવ વધારનાર રાજવી કડિયાની સિદ્ધિ સમગ્ર યુનિવર્સિટી પરિવાર માટે ગર્વની બાબત છે. તેમની પ્રતિબદ્ધતા, નેતૃત્વક્ષમતા અને રાષ્ટ્રીય ભાવના અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે.’

વિદ્યાર્થી વિકાસ વિભાગના નિયામકશ્રીએ પણ તેમને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, ‘વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરની વિવિધ પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ ભાગ લઈ પોતાની પ્રતિભાને ઉજાગર કરે તે યુનિવર્સિટીની સતત પ્રાથમિકતા રહી છે. રાજવીની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓને પણ નવી પ્રેરણા પૂરી પાડશે.’

માનનીય કુલગુરુશ્રી, વિદ્યાર્થી વિકાસ વિભાગ તથા સમગ્ર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિવાર તરફથી રાજવી કડિયાને ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવે છે અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરે છે. તેમની ઉપલબ્ધિ સમગ્ર ગુજરાત અને યુનિવર્સિટી માટે ગૌરવપૂર્ણ બાબત છે.


MINISTRY OF
YOUTH AFFAIRS AND SPORTS
GOVERNMENT OF
A TRIBUTE TO
TE : 24th June–3
Kolkata


On the spot Debate competition


Appreciation token of Guj
VANDE
MATARAM
MERA YUVA BHARAT - WEST BENGAL


Cuisine competition
GUJARAT


Entrepreneurship comp
YOUTH AFFAIRS AND SPORTS
Long-term Impact
Purpose: